પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૦૧ | ૧૦ જાન્યુઆરી, ૨૦૧૮, બુધવાર ; પોષ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### યુસુફ પઠાણને બીસીસીઆઈએ સસ્પેન્ડ કર્યા

ભારતીય ક્રિકેટ ટીમના ઓલ રાઉન્ડર યુસુફ પઠાણને ક્રિકેટ કંટ્રોલ બોર્ડે પાંચ મહિના માટે સસ્પેન્ડ કર્યા છે. પઠાણ પર ડોપીંગ નિયમનોના ઉલ્લંઘનનો આરોપ છે. તેમને રણજી ટ્રોફી ટીમાં પણ સામેલ નહી કરવાનુ બોર્ડે જણાવ્યું છે.

### શ્રીનગરમાં માઈનસ ૬.૨ ડિગ્રી તાપમાન

જમ્મુ-કાશ્મીરના શ્રીનગર ખાતે મોસમની સૌથી ઠંડી નોંધાઈ હતી. અહીં લઘુત્તમ તાપમાન માઈનસ ૬.૨ ડિ.સે. સુધી ગગડ્યુ હતુ.


### મહારાષ્ટ્રમાં આગ અકસ્માતથી ૩૩૭૭ મોત

મહારાષ્ટ્રમાં વર્ષ દરમ્યાન ૩૩૭૭ આગ અકસ્માતથી મોત નોંધાયા છે. જ્યારે મધ્યપ્રદેશમાં ૨૧૨૫, ગુજરાતમાં ૨૦૧૦ અને કર્ણાટકમાં ૧૨૪૪ આગ અકસ્માતથી મોત થયા હોવાના અહેવાલ છે.

### ૧૪૭ ભારતીય માછીમારો મુક્ત

પાકિસ્તાને ૧૪૭ ભારતીય માછીમારોને મંગળવારે સવારે વાઘાબોર્ડર પર મુક્ત કર્યા. દર બે માસે બંને દેશોના કેદીઓ અંગે સમીક્ષા બેઠક યોજાય છે જેમાં આ નિર્ણય થયો હતો.

# ભારતીયોને ટ્રમ્પની રાહત



## એચ-૧બી વિઝા હોલ્ડર્સના એક્સટેન્શન અટકાવવાની પ્રપોઝલ રદ કરાઈ નિયમોમાં પણ ફેરફાર નહીં થાય

વૉશિંગ્ટન,તા.૯

અમેરિકામાં ફોરેન વર્કર્સ માટે, ખાસ કરીને ભારતીયો માટે રાહતના સમાચાર છે. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન દ્વારા કરાયેલી જાહેરાત અનુસાર, H-1B વિઝા હોલ્ડર્સના એક્સટેન્શન અટકાવવાની પ્રપોઝલ રદ કરી દેવામાં આવી છે. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશને હાલમાં જ ૬ વર્ષથી વધુ સમય માટે કોઈ પણ H-1B વિઝા હોલ્ડર્સના એક્સટેન્શન અટકાવી દેવાની પ્રપોઝલ મુકી હતી.

યુએસ સિટિઝનશિપ અને ઈમિગ્રેશન સર્વિસના મીડિયા રિલેશન ચીફ, જોનાર્ધન વિથિંગ્ટનના જણાવ્યા અનુસાર,`જીઝૈંજીએ આ પ્રકારના કોઈ પણ રેગ્યુલેટરી ફેરફાર લાદવાની મનાઈ કરી દીધી છે. H-1B વિઝાને ૬ વર્ષથી વધુ એક્સ્ટેન્શ લિમિટ આપતો વિઝાના સેક્શન ૧૦૪(c) ઓફ AC-21 નિયમમાં ફેરબદલ કરવાનો અર્થ છે, H-1B

● અનુસંધાન પાન-૭ પર

# સિનેમા હોલમાં રાષ્ટ્રગીત વગાડવું હવે ફરજિયાત નથી : સુપ્રીમ

## કેન્દ્ર સરકાર તરફથી રજૂઆત કરાયા બાદ સુપ્રીમે વલણ બદલ્યુ : દિવ્યાંગોને જરૂરી છુટછાટ યથાવત રીતે મળશે

નવીદિલ્હી, તા. ૯

સુપ્રીમ કોર્ટે સિનેમા હોલમાં ફિલ્મ શરૂ થતાં પહેલા દર્શાવવામાં આવનાર રાષ્ટ્રગીતને લઈને ફરી મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સિનેમા હોલ માટે ફિલ્મ પહેલા રાષ્ટ્રગીત વગાડવાની બાબતને ફરજિયાત કરવાના નિર્ણયને પાછો ખેંચી લીધો છે. આ મુદ્દા ઉપર કેન્દ્ર સરકારનું વલણ બદલાઈ ગયા બાદ આ હિલચાલ હાથ ધરાઈ છે. એમ માનવામાં આવી રહ્યું હતું કે, કોર્ટ પણ પોતાના નિર્ણયને બદલી દે છે. કેન્દ્ર સરકારે સોમવારના દિવસે જ કોર્ટમાં કહ્યું હતું કે, અદાલતને પોતાના આદેશમાં ફેરફાર કરવા જોઈએ. કેન્દ્ર સરકારે કોર્ટમાં એફિડેવિટ દાખલ કરીને કહ્યું હતું કે, આ મુદ્દા પર આંતર પ્રધાન સ્તરની કમિટિની રચના કરવામાં આવી ચુકી છે જેથી તે માર્ગદર્શિકા તૈયાર કરી શકે છે. સુપ્રીમ કોર્ટે મંગળવારના દિવસે આ મામલામાં સુનાવણી કરતી વેળા સરકારના એફિડેવિટને સ્વીકાર કરીને કેટલાક સુચનો કર્યા હતા. કોર્ટે કહ્યું હતું કે, સિનેમા હોલમાં રાષ્ટ્રગીત વગાડવા સાથે સંબંધિત અંતિમ નિર્ણય કેન્દ્ર દ્વારા રચવામાં આવેલી કમિટિ દ્વારા લેવામાં આવશે. આ ચુકાદા બાદ ફિલ્મથી પહેલા રાષ્ટ્રગીત વગાડવા અથવા ન વગાડવાની બાબત સિનેમા માલિકોની ઈચ્છા ઉપર આધારિત રહેશે.

# ડોલર સામે રૂપિયો ૦.૩ ટકા ઘટી ૬૩.૭૨ની સપાટીએ

મુંબઈ,તા. ૯

ડોલર સામે રૂપિયામાં આજે મંદી જોવા મળી હતી. રૂપિયો ૦.૩ ટકા ઘટીને બંધ રહ્યો હતો. છેલ્લા બે મહિનામાં સૌથી મોટો ઘટાડો નોંધાયો છે. આર્થિક વૃદ્ધિની નબળી આગાહીને લઈને ચિંતા પ્રવર્તી રહી છે. આજે ડોલર સામે રૂપિયો ૦.૩૩ ટકા ઘટીને ૬૩.૭૨ની સપાટીએ રહ્યો હતો. ૧૩મી નવેમ્બર ૨૦૧૭ બાદથી સૌથી મોટો ઘટાડો આજે જોવા મળ્યો હતો. સોમવારના દિવસે ડોલર સામે રૂપિયો ૬૩.૫૦ની સપાટીએ રહ્યો હતો. રૂપિયો ડોલર સામે આજે સવારે ૬૩.૪૮ની સપાટીએ ખુલ્યો હતો અને એક વખતે ક્રમશઃ હાઈ અને લો ૦૭૨૬૩.૪૩ અને ૬૩૫૯ની સપાટીએ રહ્યો હતો. શુક્રવારના દિવસે સરકારે આર્થિક વિકાસ દરની આગાહીને ઘટાડીને ૬.૫ ટકા કરી હતી. ૨૦૧૭માં રૂપિયામાં ૬.૩૫ ટકાનો સુધારો થયો હતો જ્યારે સેંસેક્સમાં ૨૮ ટકાનો ઉછાળો નોંધાયો હતો.

# રોકાણ કરીને એનઆરઆઈ દેશની સેવા કરે : મોદી





ન્યુ દિલ્હી,તા.૯

વિદેશોમાં રહેતા ભારતીય મૂળના લોકો (`)ની પહેલી પાર્લામેન્ટ્રી કોન્ફરન્સનું ઉદ્ઘાટન

## વિદેશમાં રહેતા ભારતીય મૂળના નાગરિકોની પહેલી પાર્લામેન્ટ્રી કોન્ફરન્સનું વડાપ્રધાને ઉદ્ઘાટન કર્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું. આ કોન્ફરન્સને સંબોધતા મોદીએ કહ્યું, "સેંકડો વર્ષોમાં જે પણ લોકો ભારતની બહાર ગયા તેમના મનમાંથી ભારત ક્યારેય બહાર ન નીકળ્યું. વિશ્વના જે ભાગમાં તેઓ ગયા, ત્યાં તેમણે તેમના મૂલ્યો-સંસ્કારોને જીવીત રાખ્યા." ઉલ્લેખનીય છે કે કોન્ફરન્સમાં ૨૩ દેશોના ૧૨૪ સાંસદો અને ૧૭ મેયર ભાગ લીધો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારના રોજ ભારતીય મૂળના સાંસદોને સંબોધિત કરતાં કહ્યું કે દુનિયામાં ભારતનું મહત્વ ઘણું વધી ગયું છે. ભારત આજે વૈશ્વિક નીતિઓ બનાવનાર દેશ બની ગયો છે અને આપણે આપણી ઉપલબ્ધિઓ પર ગર્વ છે.

ભારતીય મૂળના સાંસદોના પહેલા સંસદીય સંમેલનને સંબોધિત કરતાં પીએમ મોદીએ કહ્યું કે તમે

● અનુસંધાન પાન-૭ પર

# આજે મોદી અર્થશાસ્ત્રીઓને મળશે

## કૃષિ આવક બે ગણી કરવા, રોજગારી વધારવા અને મેક ઇન ઇન્ડિયા સહિતના મુદ્દા ઉપર બંધ બારણે ચર્ચા કરાશે


નવીદિલ્હી, તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે બુધવારના દિવસે ટોપના અર્થશાસ્ત્રીઓને મળનાર છે જેમાં માઈક્રો આર્થિક સ્થિતિના પાસા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. આ બેઠકમાં ટોચના કેબિનેટ પ્રધાનો અને અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે. સાથે સાથે આર્થિક સલાહકાર પરિષદના સભ્યો પણ હાજરી આપશે. દિવસ દરમિયાન ચાલનાર આ બેઠકમાં બંધ બારણા ચર્ચા થશે. તાત્કાલિક ધ્યાન આપવા જેવા જે ક્ષેત્રો રહેલા છે તે ક્ષેત્રો માટે આ બેઠકમાં રૂપરેખા તૈયાર કરવામાં આવશે. બેઠકમાં કેબિનેટ મંત્રીઓ પોતપોતાનીરીતે રજૂઆત કરશે. પહેલી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરવામાં આવે તે પહેલા આ બેઠક ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

ગયા સપ્તાહમાં જીડીપીના આંકડા જારી કરવામાં આવ્યા હતા જેમાં ગ્રોથને ઘટાડીને ૬.૫ કરવામાં આવ્યો હતો જે ચાર વર્ષમાં સૌથી ઓછી ગતિ છે. આ તમામ પાસાઓ ઉપર બેઠકમાં ચર્ચા થશે. કોર સેક્ટરના ગ્રોથ, પીએમઆઈ અને કારના વેચાણના આંકડા હાલમાં જારી કરવામાં આવ્યા હતા. બંધબારણે યોજાનારી આ બેઠકમાં અર્થશાસ્ત્રીઓ પોતાનીરીતે રજૂઆત કરશે.

# વિવાદાસ્પદ પદ્માવત ફિલ્મમાં ૩૦૦ કટ લાગશે : એડિટરોની ટીમ વ્યસ્ત

## ફિલ્મને બીજી વખત એડિટ કરાશે : ફિલ્મમાં જ્યાં પણ મેવાડ, દિલ્હી અને ચિત્તોડનો ઉલ્લેખ છે તેને સંપૂર્ણપણે દુર કરવામાં આવશે : ફિલ્મી ચાહકોને કાલ્પનિકરીતે જ ફિલ્મ નજરે પડશે





મુંબઈ,તા. ૯

સંજય લીલા ભણશાળીની ફિલ્મ પદ્માવતીને નામ બદલીને હવે પદ્માવત સાથે રજૂ કરવામાં આવનાર છે. જો કે ચોંકાવનારી બાબત એ છે કે ફિલ્મમાં ફેરફાર કરવા માટે ૩૦૦ કટ લગાવવામાં આવનાર છે. સેન્સર બોર્ડ તરફથી કહેવામાં આવ્યુ છે કે ફિલ્મમાં પાંચ ફેરફાર કરવામાં આવનાર છે. જો કે આ પાંચ ફેરફાર કરવા માટે કુલ ૩૦૦ કટ લગાવવા પડશે. એટલુ જ નહી ફિલ્મમાં જ્યાં મેવાડ, દિલ્હી અને ચિત્તોડગઢનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે તમામ બાબતોને સંપૂર્ણપણે દુર કરી દેવામાં આવનાર છે. ફિલ્મ ૨૫મી જાન્યુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મના સ્વરૂપને સંપૂર્ણપણે બદલી દેવામાં આવનાર છે. આને એક કાલ્પનિક વાર્તા તરીકે રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મ છેલ્લા એક વર્ષથી ચર્ચામાં રહી છે. ફિલ્મમાં દિપિકા રાની પદ્માવતિના રોલમાં નજરે પડનાર છે. શાહિદ કપુર મરારાણા રતનસિંહ અને રણવીરસિંહ અલાઉદીન ખિલજીના રોલમાં નજરે પડનાર છે. નિર્દેશકને હવે ડિસ્કલેમર આપવાની ફરજ

● અનુસંધાન પાન-૭ પર

# અનંતનાગમાં સેના-આતંકીઓ વચ્ચે અથડામણ : બે આતંકી ઠાર

શ્રીનગર,તા.૯

જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લાના લાડનૂમાં સિક્યુરિટી ફોર્સ અને આતંકીઓ વચ્ચે એન્કાઉન્ટર શરૂ થઈ ગયું છે. આ દરમિયાન બે આતંકીઓને ઠાર કરી દેવામાં આવ્યા છે. સેનાને આ વિસ્તારમાં ઘણાં આતંકીઓ છુપાયા હોવાની માહિતી મળી છે. કાશ્મીરમાં આતંકીઓના અંત લાવવા માટે આર્મી દ્વારા ઓપરેશન ઓલ આઉટ ચલાવવામાં આવી રહ્યું છે. કાશ્મીરમાં અત્યાર સુધી ૨૦૦થી વધારે આતંકીઓ ઠાર કરી દેવામાં આવ્યા છે.

બડગામમાં સોમવારે આતંકીઓએ સિક્યુરિટી ફોર્સ પર ફાયરિંગ કર્યું હતું. તેની જવાબી કાર્યવાહીમાં ફોર્સે એક આતંકી ઠાર કર્યો હતો. આર્મી ઓફિસરના જણાવ્યા પ્રમાણે બજગામના જુહામામાં આતંકીઓ છુપાયા હોવાની માહિતી મળી છે. ત્યારપછી આર્મીએ જુહામા ગામને કોર્ડન કરીને સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. આ દરમિયાન આતંકીઓએ ફોર્સ પર ફાયરિંગ શરૂ કર્યું હતું.

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફ કેમ્પ પર ૩૧ ડિસેમ્બરે આતંકી હુમલો થયો હતો. જેમાં ૩ કેપ્ટન સહિત ૫ શહીદ થયા હતા. જૈશ-એ-મોહમ્મદે આ હુમલાની જવાબદારી લીધી હતી.

# મેઘાલય વિધાનસભા ચૂંટણીમાં 'આપ' ૩૫ બેઠકો પર ચૂંટણી લડશે

શિલોંગ,તા.૯

આમ આદમી પાર્ટી(આપ) મેઘાલય વિધાનસભા ચૂંટણીમાં ૩૫ બેઠકો પર ચૂંટણી લડશે. વર્તમાન મેઘાલય વિધાનસભાની મુદત ૬ માર્ચના રોજ પૂર્ણ થઈ રહી છે. 'આપ'ના મેઘાલય પ્રમુખ વાનંશવા નોંગડુએ પત્રકારોને જણાવ્યું હતું કે આગામી ચૂંટણીમાં અમારા જીતવાની તક સારી હોવાથી અમે ૩૫ બેઠકો પર ઉમેદવાર ઉભા રાખીશું. તેમણે દાવો કર્યો હતો કે મેઘાલયમાં અમને જીતવાની તક ખૂબ જ સારી છે. આપ નેતાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે અમે સામાન્ય માનવીને ઉમેદવાર બનાવીને આગામી સરકારની રચના કરીશું.

# કેન્દ્ર સરકાર ચીનની આઠ ફાર્મા કંપનીને બ્લેકલિસ્ટ કરે તેવી સંભાવના

ન્યુ દિલ્હી,તા.૯

ભારત સરકારે ચીનની ૮ ફાર્માસ્યુટિકલ કંપનીઓને કારણ દર્શક નોટીસ મોકલી છે અને ટૂંકા સમયમાં તેને સરકાર દ્વારા બ્લેક્લિસ્ટ પણ કરવામાં આવી શકે છે. આ કંપનીઓ ભારતમાં ડ્રગ ઉત્પાદકોને નબળી ગુણવતાવાળો કાચો માલ પૂરો પાડી રહી છે.

ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) ની સ્પેશ્યલ ઈન્સ્પેક્શન ટીમ દ્વારા ચીનની ૮ કંપનીઓની તપાસ કર્યા બાદ તેને નોટીસ આપવામાં આવી છે. પ્રાપ્ત માહિતિ અનુસાર, આ કંપનીઓને કારણ દર્શક નોટીસ મોકલવામાં આવી છે. જે કંપનીઓ બ્લેકલિસ્ટમાં મુકાય તેવી સંભાવના છે, તેમની પાસેથી વર્તમાન સમયમાં ભારતીય દવાના ઉત્પાદકો કાચામાલની આયાત વધુ કરે છે. ઙ્ઘઝ્રૈં ના એક અધિકારીએ જણાવ્યુ હતુ કે કંપનીઓ સામે નબળી ગુણવાતા દરાવતો કાચોમાલ પૂરો પાડવાનો આક્ષેપ છે. આ કંપનીઓ સામે ટૂંક સમયમાં સરકાર દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. સુત્રોનુ કહેવુ છે કે જો સરકાર દ્વારાઆ કંપનીઓ સામે કાર્યવાહી કરવામાં આવેતો દેશમાં કેન્સર જેવા રોગની દવાઓની અછત સર્જાય શકે છે.

કેમિકલ અને ફર્ટિલાઈઝર મંત્રાલયના ડેટા જણાવે છે કે ચીનમાંથી દવાઓ માટે ભારતમાં ૭૦% કાચો માલ આવે છે. સંસદમાં રજૂ કરાયેલા આંકડા અનુસાર,

● અનુસંધાન પાન-૭ પર

# એએમયુનો વિદ્યાર્થી મન્નાન હિઝબુલમાં જોડાયાનો દાવો

શ્રીનગર, તા. ૯

પ્રતિબંધિત ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુઝાહિદ્દીનના લીડર સૈયદ સલાઉદ્દીને દાવો કર્યો છે કે, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના પીએચડી સ્કોલર મન્નાન વાની તેના સંગઠનમાં સામેલ થઈ ગયો છે. સલાઉદ્દીને સ્થાનિક મિડિયા માટે જારી કરવામાં આવેલા નિવેદનમાં કહ્યું છે કે, મન્નાન વાનીના સામેલ થવાથી એવા ભારતીય દુષ્ટપ્રચારની પોલ ખુલી ગઈ છે જેમાં દાવો કરવામાં આવ્યો છે.

# મદરેસામાં આતંકવાદી તૈયાર થાય છે : વસીમ રિઝવી

## શિયા વક્ફ બોર્ડના ચેરમેન વસીમ રિઝવીના નિવેદનથી ખળભળાટ : મદરેસાઓમાં બિનમુસ્લિમ વિદ્યાર્થીઓને પણ શિક્ષણ આપવા માટેની તરફેણ કરી છે : મોદી અને યોગીને પત્ર લખ્યો



નવીદિલ્હી, લખનૌ, તા. ૯

ઉત્તર પ્રદેશ શિયા સેન્ટ્રલ વક્ફ બોર્ડના ચેરમેન વસીમ રિઝવીએ એમ કહીને ખળભળાટ મચાવી દીધો છે કે, મદરેસાઓને પણ સીબીએસઈ અને આઈસીએસઈની માન્યતા મળવી જોઈએ. સાની સાથે સાથે બોર્ડે મદરેસાઓમાં બિન મુસ્લિમ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની પણ તરફેણ કરી છે. શિયા વક્ફ બોર્ડના ચેરમેન વસીમ રિઝવીએ કહ્યું છે કે, મદરેસામાં એન્જિનિયર ડોક્ટર નહીં બલ્કે આતંકવાદી નિકળી રહ્યા છે. આના પર તરત ધ્યાન આપવાની જરૂર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને પત્ર લખીને જાણ કરી છે. વિવાદાસ્પદ નિવેદનથી ભારે હોબાળો મચી ગયો છે.

મદરેસાઓ ઉપર ફરી પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. મદરેસાઓને સીબીએસઈ અને આઈસીએસઈ બોર્ડમાં સામેલ કરવાની વાત કરી છે. તેમણે કહ્યું છે કે, મદરેસાઓના બિનમુસ્લિમ વિદ્યાર્થીઓને ભણવા માટે મંજુરી મળવી જોઈએ. ધાર્મિક શિક્ષણ વૈકલ્પિક રહે તે જરૂરી છે. તેમણે એમ પણ કહ્યું છે કે, અમારા દેશની વ્યવસ્થાને વધારે મજબૂત કરવાની જરૂર છે. દેશમાં કેટલાક મદરેસાઓએ એન્જિનિયર, ડોક્ટર,

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય